## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ અવતારમૂર્તયે નમઃ ||(૨૪)

## અવતાર રૂપે આવેલા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

અવતરણ એટલે 'નીચે આવવું.' એટલે ભગવાનનું મનુષ્યરૂપમાં પૃથ્વી પર આવવું, જેનાથી માનવને ભગવાન સુધી પહોંચવું સહજ રીતે શક્ય થયું.

ભગવાને કહ્યું છે કે, માનવ જ્યારે વિનાશના ઉંબરે ઊભો હોય છે, ત્યારે પોતે અવતાર લઈને ધર્મ સંસ્થાપનાનું કાર્ય આગળ ચલાવે છે.

જ્યારે અવતાર જન્મ લે છે, ત્યારે સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્વ જે 'અન્યથા અસિદ્ધ' એટલે અવતાર વગર કોઇનામાં પણ ન મળે, એવા ગુણ તેમનામાં હોય છે. પૂર્ણ અવતારમાં કુલ સોળ કલા હોય છે.

સાંપ્રતના ભગવાન શ્રી સત્યસાઈબાબાનો અવતાર એ ઉપરના બધા ગુણવિશેષોથી યુક્ત (ભરેલો) છે. શ્રી સત્યસાઈબાબા કહે છે. "જો હું શંખ, ચક્ર, ગદા અને પદ્મ જેવા આયુધ ધારણ કરીને આવ્યો હોત તો તમે મારાથી દૂર ભાગ્યા હોત અથવા મને કોઈ પ્રદર્શનમાં મૂક્યો હોત. જો હું તમારા જેવો સામાન્ય હોત, તો તમે મારી સહેજે પરવા ન કરત. એટલે મેં આ માનવી સ્વરૂપ ધારણ કર્યું છે અને એટલા માટે જ હું મારા મહિમાના ચમત્કાર હંમેશાં કરતો હોઉં છું."

મારું અવતરણ ધર્મ એટલે સદાચારની પુનઃ સ્થાપના માટે થયું છે. સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા આ તત્ત્વો મારી પાસે છે. મને પ્રાપ્ત કરવા માટે સત્યનું આચરણ કરો. ધર્મ ઉપર ચાલો, પ્રેમથી જ શાંતિ સુધી પહોંચો જેનાથી તમે શાંતિસ્વરૂપ થઈ શકશો. બીજાનો દોષ કરવો, એ પણ એક પ્રકારની હિંસા જ છે.

સ્વામી કહે છે કે – 'સ્વામી કોણ છે, એ જાણવું કોઈને જ શક્ય નથી. તમે એટલું જ કરી શકો છો કે, હું જે આનંદ તમને આપું છું તે શાશ્વત સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે પોતાને તૈયાર કરો.'

સાક્ષાત્કાર, ચમત્કાર અને પરોપકાર એ અવતારના ગુણવિશિષ્ટ (ગુણ વિશેષ) છે, જે આપણને બધાને સ્વામીમાં જોવા મળે છે, એટલું જ નહીં, પણ સાક્ષાત્કાર અને ચમત્કારથી સ્વામી તરફ આકર્ષાયેલા ભક્તો ત્યાર પછી 'પરોપકાર' આ તેમના વૈશિષ્ટયમાં એટલા સંકળાઈ જાય છે કે પછી પોતે પણ તે માર્ગ ઉપર ચાલવાનો પ્રયત્ન કરે છે. સ્વામીએ પરોપકાર વિશે જે કહ્યું છે કે હું સેવા

કરવા માટે જ જન્મ્યો છું અને મારું જીવન એ જ મારો સંદેશ છે." આ ગુણ વિશેષતા અવતાર વગર કોનામાં હોઈ શકે?

સ્વામી કહે છે - "મને ફક્ત તમારો પ્રેમ જોઈએ છે; જે મને શુદ્ધ પ્રેમ આપે છે, તેમના માટે હું મારું જીવન પણ આપવા તૈયાર છું. જેમની પાસે પૂર્ણ શ્રદ્ધા અને શુદ્ધ પ્રેમ છે, તેમના માટે હું કાંઈપણ કરવા તૈયાર છું." કેવળ અવતાર જ આવું વિધાન કરી શકે છે.

ભગવાન શ્રી સત્યસાઈબાબાના અવતારિત્વની મહત્તા આજે વિશ્વના લાખો લોકોએ માન્ય કરી છે અને આ ભિન્ન ધર્મીય અને પંથીય (ભિન્ન ધર્મ અને પંથના) લોકો તેમને પોતાના ઈષ્ટ દેવના રૂપમાં જુએ છે.

સ્વામીના અવતારિત્વની આ એક મહત્ત્વપૂર્ણ ઘટના.

૧૯૭૨ ના વાસંતિક વર્ગ વ્હાઈટ ફિલ્ડના વૃંદાવન આશ્રમમાં ચાલતા હતા ત્યારે આ વર્ગમાં ઉપસ્થિત રહેવા માટે ઈશ્વરમ્મા અન્ય સ્ત્રી ભક્તો સાથે ત્યાં ગયાં હતાં. વર્ગ શરૂ થયાને અગિયાર દિવસ થયા હશે. એક દિવસ સવારના પહોરમાં ઈશ્વરમ્મા પેદ્દાબોટ્ટું પાસે ગયા અને બોલ્યા - ''તને ખબર છે? આપણા સ્વામી ખરેખર જ પરમેશ્વર છે.' આ સાંભળતા જ પેદ્દાબોટ્ટું આ મહિલા ભક્ત જોરથી હસવા લાગી. ત્યારે ઈશ્વરમ્માએ તેમને પૂછ્યું- "તું કેમ હસે છે?' ત્યારે પેદ્દાબોટ્ટું બોલ્યા – "હું એટલા માટે હસું છું કે છેલ્લે તમને ખાતરી થઈ કે સ્વામી પ્રત્યક્ષ પરમેશ્વર છે."

ત્યાર બાદ પેદ્દાબોટ્ટું બોલ્યા- "મને કહેશો કે ચોક્કસ શું થયું છે?' ઈશ્વરમ્મા કહેવા લાગ્યા - "તને ખબર છે? ત્રણ-ચાર દિવસ મારી તબિયત ઠીક નહોતી, તેમાં જ મને તાવ આવ્યો. તેથી કાલે રાત્રે મને ઊંઘ આવતી નહોતી. એટલામાં જ સ્વામી મારી પાસે આવ્યા." તેમને વચ્ચે અટકાવતાં પેદ્દાબોટ્ટું બોલ્યા - "સપનામાં આવ્યા?" ત્યારે ઈશ્વરમ્મા બોલ્યા - 'સ્વપ્ન (સપના) માં નહીં પ્રત્યક્ષ સ્વામી મારી પાસે આવ્યા અને મને પૂછ્યું – "હવે તને કેમ છે?" મેં કહ્યું - આખું શરીર દુ:ખે છે. આમ કહેતી હતી એટલામાં જ સ્વામી મને પ્રભુ શ્રી રામચંદ્રના રૂપમાં દેખાયા. માથે મુગટ, હાથમાં ધનુષ્ય એવા સ્વરૂપમાં મારે તેમને નમસ્કાર કરવા હતા, પરંતુ અશક્તિને લીધે મારાથી ઊઠાતું નહોતું. ત્યાર પછી થોડી જ વારમાં સ્વામીએ મૂળ સ્વરૂપ ધારણ કર્યું અને મંદ સ્મિત કરીને વિભૂતિ ઉદ્ભવ કરીને મને આપી અને બોલ્યા - "તાવ જતો રહેશે." અને પછી તે ત્યાંથી નીકળી ગયા.

આવા પ્રકારના અનેક અનુભવ વિશ્વના અનેક ભક્તોને થયા છે, જે અનુભવ ફકત અવતાર જ આપી શકે છે. અન્ય અવતારો કરતા શ્રી સત્યસાઈ અવતારનું વૈશિષ્ટ્ય એમાં છે કે તે તેમની પ્રેમની શક્તિ વડે આપણા હૃદયમાં પરિવર્તન લાવે છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||